**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૧૬ જુલાઈ ૨૦૧૩**

**લોકસભા ચૂંટણી માટે મતદાર યાદીઓ નિદોર્ષ કરી તેની પવિત્રતા જાળવો - રામ નાઈકનું આવ્હાન**

**મુંબઈ,મંગળવાર :**"સંસદીય લોકશાહી ને સફળ કરવા માટે મતદાર યાદીઓ નિદોર્ષ અર્થાત ભૂલવિહોણી કરી તેની પવિત્રતા જાળવો, ચૂંટણી યંત્રણાનું આ કર્તવ્ય છે," આ મુજબનું આવ્હાન ભારતીય જનતા પક્ષના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ શહેર જીલ્હા ચૂંટણી અધિકારી શ્રીચં.વ.ઓક ની મુલાકાત લઈ તેમની સાથે ચર્ચા કરતાં કર્યું હતું. મુંબઈ ઉપનગર જીલ્હાના ચૂંટણી અધિકારી શ્રી સંજય દેશમુખ રજા પર હોવાથી તેમનો કાર્યભાર હાલ શ્રી ઓક પાસે છે. ૧૫ જુલાઈ ના ચર્ચા ની વેળા ભાજપના નગરસેવક શ્રી વિનોદ શેલાર અને જીલ્હા ઉપચૂંટણી અધિકારી શ્રીમતી માયા પાટોળે હાજર હતા. આ માહિતી શ્રી રામ નાઈક ના જનસંપર્ક કાર્યાલય થી બહાર પાડવામાં આવેલી અખબારી યાદી માં આપવામાં આવેલ છે.

મતદાર યાદીઓ નિર્દોષ કરવાની માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે , "૨૦૧૪ માં થનારી લોકસભા ચૂંટણીનાં પડઘમ હાલ વાગી રહ્યાં છે. ચૂંટણીઓ ખરા અર્થમાં સફળ કરવા માટે મતદાર યાદીઓ મહત્વ નું ઘટક હોય છે. તેની પવિત્રતા જાળવવા માટે તે નિદોર્ષ તૈયાર કરવી ચૂટણી યંત્રણા નું કર્તવ્ય બને છે. ૨૦૦૪ ની ચૂટણી વેળાએ મતદાર યાદીઓમાં અનેક મતદાતાઓ ના ફોટા ન હતા, બહોળા પ્રમાણમા બેવડા (ડુપ્લીકેટ) મતદાર છે, અનેક બિલ્ડિંગ ગાયબ થયેલ છે એવી ફરિયાદો થઈ.બોરીવલી,કાંદિવલી અને મલાડ વિધાનસભા મતદાર સંઘ ની યાદીઓની મુંબઈ ખાતેની ૩૪ અને થાણા લોકસભા મતદાર સંઘની છ વિધાનસભા મતદારસંઘમાંની એટલે કે ૪૦ વિધાનસભા મતદાર સંઘ માંની યાદીઓની સરખામણી કર્યા બાદ ૧૮,૦૨,૮૮૭ મતદારો પૈકી ૩,૫૭,૫૨૦ અર્થાત ૨૦ ટકા મતદારો બેવડ હોવાનું સ્પષ્ટ થયું છે. આ સઘળી માહિતી તત્કાલીન મુખ્ય ચૂંટણી આયુક્ત શ્રી એન.ગોપાળસ્વામી અને મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી દેવાશીષ ચક્રવર્તી ની સાથે રૂબરૂ ચર્ચા કરી રજૂ કરી હતી.તે બાબત નો પાઠપુરાવો પણ ચાલૂ રાખ્યો હતો.તેથી હવે મતદાર યાદીઓની પુર્નતપાસણી કરવાનો આદેશ નિર્વાચન આયોગે આપેલ છે."

યાદીઓની પુર્નતપાસણી યોગ્ય પદ્ધતીએ કરી તે નિદોર્ષ કરવા માટે નિમ્નલિખિત પાંચ સૂચનો નો વિચાર કરવા માટે ચર્ચા થઈ હોવાનું શ્રી રામ નાઈકે કહ્યું હતું. : ૧) મતદારો ના નામો ઘરે ઘરે જઈ તપાસવા જેથી સંબંધીત ઘર છે કે નહીં તેની ખાત્રી થાય. ઘરો મળતા ન હોવાની તપાસ નિરીક્ષકે તે મુજબ પ્રમાણપત્ર આપવું જોઈએ. તે આધારે નામો ઓછા કરવાની વૈધાનિક પ્રક્રિયા કરી શકાશે. ૨) **કોઈ પણ સંજોગોમાં મતદાર યાદીઓ માં ૧૦૦ટકા ફોટા હોવા જ જોઈએ એ તરફ ખાસ ધ્યાન દોરવું.** જેમના ફોટા મતદાર યાદીમાં નથી તેમને 'નોટીસ' પાઠવી ફોટા પડાવી લેવાનું કહેવું. નકકી કરેલી મુદત આપવી, તે મુદત માં ફોટા ન પડાવ્યા તો વૈધાનિક પ્રક્રિયા પૂર્ણ કરી તેમના નામો મતદાર યાદીમાંથી કાઢી નાખવા. ૩) જેમના નામો બે વખત હોય તેમને 'નોટીસ' પાઠવી કયું નામ રાખવું અને કયું કાઢી નાખવું એ તેમની પાસેથી લખાવી લેવું. તેમજ તેમના ફોટા પાડવાની વ્યવસ્થા કરવી.૪) ઘરેઘરે જઈ તપાસ કરતી વેળા **જે ઈમારત નું રિડેવલપમેન્ટ ચાલૂ હોઈ મતદાર ત્યાં રહેતા ન હોય** પરંતુ તેમના ફોટા મતદાર યાદીમનાં હોય તેવા ઓ ને યોગ્ય નિયમ કરી **તેમના મતદાન નો હક અબાધિત રહે તેની તકેદારી રાખવી.** ૫) ઘરેઘરે જઈ તપાસણી થાય તેવેળાં મૃત મતદારોના નામ રદ્દ કરવા સંબંધે તે પરિવાર ના અન્ય મતદાર ની સહી લેવી એટલે પછીથી વાદ વિવાદ ઉભો નથાય.

"ઉપરનાં સૂચનો તપાસી લઈ સવિસ્તર ચર્ચા ભાજપના શિષ્ટમંડળ સાથે આઠ દસ દિવસ માં કરવામાં આવશે તેવું આશ્વાસન જીલ્હા ચૂંટણી અધિકારીએ આપેલ છે," તેવું પણ અખબારી યાદી નાં અંતે શ્રી રામ નાઈકે કહ્યું છે.

**(કાર્યાલય સચિવ)**